# રાજ્યમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો

## ૨૪ કલાકમાં નવા ૪૨૪ કેસ નોંધાયા : ચૂંટણી ટાણે નેતાઓ અને ચૂંટણી બાદ કોરોના બેફામ : આંકડા રોકેટ બની ગયા : અત્યાર સુધીમાં કુલ ૨૬૨૧૭૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ : રાજ્યમાં એક દર્દીઓના મોત

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા હતા. અને ચૂંટણી ટાણે તો જાણે એમ લાગ્યું કે કોરોનાએ રાજ્યમાંથી વિદાય લઈ લીધી છે. જે પ્રકારના આંકડાઓ આવી રહ્યા હતા તેને જોઈને લાગતું હતું કે સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે સાથે કોરોના સામે પણ વિજય પ્રાપ્ત કરી લીધો છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો હતો. કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવવા લાગ્યો હતો. જો કે જેવી ચૂંટણી પુરી થઈ તેમ તરત જ કોરોના પરથી પણ જાણે આચાર સંહિતા હટી હોય તેમ કોરોના બેકાબુ બની ગયો છે. બે જ દિવસની અંદર કોરોનાના આંકડા બમણા થઈ ચુક્યા છે. આજે રાજ્યમાં નવા ૪૨૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૦૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૬૨,૧૭૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે ૮,૧૯,૮૦૧ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૫,૩૩૮ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૬૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો કે બીજી તરફ રાજ્યમાં આજે બનાસકાંઠા, છોટા ઉદેપુર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, પાટણ, પોરબંદર અને તાપી એમ કુલ ૦૭ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૬૨ ટકા જેટલો થઈ ચુક્યો છે. સરકારના પ્રયાસોને લીધે અત્યાર સુધીમાં ૨,૬૨,૧૭૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૯૯૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૫ છે. જ્યારે ૧,૯૫૬ લોકો સ્ટેબલ છે. ૨,૬૨,૧૭૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૪૦૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે અમદાવાદ કોર્પોરેશનના એક દર્દીનું મોત નિપજ્યું છે.

## સમાચાર રફતાર

- કેરળમાં કોરોનાના કેસ વધતા વેક્સિનનો વધુ જથ્થો આપવા કેન્દ્રને રજૂઆત.
- નિરવ મોદીને ભારત લવાશે.
- બંગાળ, આસામ, કેરળ અને પોંડીચેરીમાં ચૂંટણી આગામી સપ્તાહે યોજાશે.
- બંગાળી અભિનેત્રી પાયલ સરકાર ભાજપમાં જોડાયા.
- કોલકત્તામાં મમતા બેનર્જી સ્કૂટર પર ફર્યા. પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના વિરોધમાં મોંઘવારીનુ પોસ્ટર લગાવી મેયરના સ્કૂટર પર દીદી ફર્યા.
- તામિલનાડુમાં ધો. ૯, ૧૦, ૧૧ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની મુખ્યમંત્રીની જાહેરાત.
- મહારાષ્ટ્રના વાસીમમાં ખાનગી સ્કૂલમાં ૨૨૯ બાળકો કોરોના પોઝીટીવ.
- આવતીકાલે સવારે ૬ થી ૮ ટ્રાન્સપોર્ટરોની હડતાલ રહેશે.
- મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં ભક્તોના પ્રવેશ પર પાબંધી.
- કેવડીયા ટેન્ટ સિટી ખાતે ડિફેન્સ કોન્ફરન્સના સમાપન સમારંભમાં પ્રધાનમંત્રી મોદી ઉપસ્થિત રહેશે.
- ઈક્વાડોરની ત્રણ જેલમાં કેદીઓની ગેંગવોર, ગેંગવોરમાં ૬૭ના મોત.
- બંગાળના ડેરેકપુરમાં ભાજપની પરિવર્તન યાત્રાની મંજૂરી રદ કરાઈ.
- આગામી પાંચ દિવસ સવારે ઠંડી અને બપોરે ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી.

## દેવગઢકંપાથી શાંતિપુરા સુધીનો માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં, ડામર રોડની રાહ જોતા વાહનચાલકો

### રસ્તા ઉપર અસંખ્ય ખાડાઓથી વાહન લઇ જવા માં પણ મુશ્કેલી, હવે તો રોડ ડામરથી મઢી આપો

ઈડર તાલુકાના દેવગઢકંપા થી શાંતિપુરા સુધીનો માર્ગ અંત્યંત બિસ્માર હાલતમાં વરસોથી જોવા મળી રહ્યો છે. બે કિલોમીટર જેટલો ઉબડખાબડ આ રસ્તો ડામર રોડ થી વંચિત રહેતા આજુબાજુના



ગામના લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. હસનપુરા, ભદ્ગેસર, શાંતિપુરા તેમજ આ રસ્તા ઉપર આવતા ખેતર માલિકોએ સરકારમાં ધારાસભ્ય સમક્ષ લેખિતમાં રજૂઆતો કરી હોવા છતાં પણ આજદિન સુધી કોઈપણ પ્રકારની કામગીરી હાથ ધરવામાં ન આવતા લોકો માં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. રસ્તા ની આ દુર્દશાથી નેત્રામલી થી હસનપુરા, ભદ્ગેસર, શાંતિપુરા , ડુંગરી જવા માટે આઠ થી દસ કિલોમીટરનું ચક્કર મારવું પડે છે. પ્રધાનમંત્રી સડક યોજના અંતર્ગત આ રોડની કામગીરી મંજૂર કરી ડામર રોડ ની કામગીરી વહીવટ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવે તેવી લોકોની માંગ ઉભી થવા પામી છે.

# ૩થી ૮ના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડશે : ૧૫મીથી પરીક્ષા

ગાંધીનગર, તા.૨૯

સ્કૂલોમાં ધોરણ ૬થી ૧૨ના વર્ગો શરુ થઈ ગયા છે ત્યારે હવે સરકારે જાહેરાત કરી છે કે ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડશે. શિક્ષણ વિભાગે પરિપત્ર કરીને પરીક્ષા લેવા માટે આદેશ કરી દીધો છે. જે અનુસાર, પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૫ માર્ચથી યોજવામાં આવશે. આ પરિપત્ર અનુસાર, તમામ સ્કૂલોએ પરીક્ષા ફરજિયાતપણે લેવી પડશે.

- ૧૫ માર્ચથી પ્રથમસત્રની નિદાન કસોટીનો કાર્યક્રમ
- ૧૫ માર્ચઃ ધોરણ ૩-૫, વિષયઃ ગણિત, સમયઃ ૧૧થી ૧, માર્ક્સઃ ૪૦
- ૧૬ માર્ચઃ ધોરણ ૩-૫, વિષયઃ ગુજરાતી (પ્રથમ ભાષા), સમયઃ ૧૧થી ૧, માર્ક્સઃ ૪૦, ગુજરાતી (દ્વિતિય ભાષા) માટેનો સમય ૨થી ૫
- ૧૭ માર્ચઃ ધોરણ ૩-૫, વિષયઃ પર્યાવરણ, સમયઃ ૧૧થી ૧, માર્ક્સઃ ૪૦, ધોરણ ૬-૮, વિષયઃ વિજ્ઞાન, સમયઃ ૨થી ૫, માર્ક્સઃ ૮૦, સમયઃ ૨થી ૫
- ૧૮ માર્ચઃ ધોરણઃ ૫, વિષયઃ હિન્દી, સમયઃ ૧૧થી ૧, માર્ક્સઃ ૪૦, ધોરણઃ ૬-૮, વિષયઃ સામાજીક વિજ્ઞાન, સમયઃ ૨થી ૫, માર્ક્સઃ ૮૦
- ૧૯ માર્ચઃ ધોરણઃ ૫, વિષયઃ અંગ્રેજી, સમયઃ ૧૧થી ૧, માર્ક્સઃ ૪૦
- ધોરણઃ ૬-૮, વિષયઃ અંગ્રેજી, સમયઃ ૨થી ૫, માર્ક્સઃ ૮૦
- ૨૦ માર્ચઃ ધોરણઃ ૬થી ૮, વિષયઃ હિન્દી, સમયઃ ૮થી ૧૧, માર્ક્સઃ ૮૦
- ૨૨ માર્ચઃ ધોરણઃ ૬થી ૮, વિષયઃ સંસ્કૃત, સમયઃ ૧૧થી ૨, માર્ક્સઃ ૮૦

પરિપત્રમાં જણાવાયું છે કે, ગુજરાતી, વિજ્ઞાન, ગણિત, સામાજીક વિજ્ઞાન જેવા વિષયોની પરીક્ષા લેવામાં આવશે અને તમામ સ્કૂલોમાં એક જ પ્રશ્નપત્ર રહેશે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓએ શાળામાં જઈને પરીક્ષા આપવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, હાલ પ્રાથમિક શાળાના ધોરણ ૬થી ૮ના વર્ગો જ શરુ થઈ શક્યા છે. જોકે, સ્કૂલો વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવી રહી છે. આ કસોટીનો હેતુ વિદ્યાર્થી શેમાં કાચો છે તે જાણવાનો છે. શિક્ષકોને તાકીદ કરવામાં આવી છે કે તેઓ જલ્દીથી પેપરો તપાસી લે, જેથી વિદ્યાર્થીવાર ઉપચાર કાર્ય શરુ થઈ શકે. આ ઉપરાંત, ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાનની પરીક્ષા સમાન રહેશે. બાકીના વિષયોની પરીક્ષા ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર સ્કૂલો સ્વૈચ્છિક રીતે લઈ શકશે. ઉલ્લેખનીય છે કે, પ્રાથમિક શાળામાં આ વખતે પણ ગત વર્ષની માફક માસ પ્રમોશન કરાશે કે કેમ તેની અટકળો ઘણા સમયથી ચાલી રહી હતી. શિક્ષણ મંત્રીએ થોડા સમય પહેલા જ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે સરકારનો માસ પ્રમોશન આપવાનો કોઈ પ્લાન નથી અને વિદ્યાર્થીઓ જેટલું ભણ્યા છે તેટલાની તેમને પરીક્ષા આપવી જ પડશે.

## પ્રાંતિજ ખાતે શ્રી વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતીની દબદબાભેર ઉજવણી



પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી વિશ્વકર્મા જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવાર થીજ શ્રી વિશ્વકર્મા દાદા ના મંદિરે ભક્તો ની ભીડ જોવાં મળી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજીમંદિર માં સર્જન હાર ઈસ્ટદેવ શ્રી વિશ્વકર્મા જન્મ જયંતી ની ઉજવણી ખૂબજ ધામધુમથી કરવામાં આવી હતી અને વહેલી સવારે મંદિરમાં મંગલા આરતી પંચામૃત અભિષેક , કેશર સ્નાન , દુધા અભિષેક, શણગાર દર્શન , ઈસ્ટદેવ પૂજા , રાજભોગ આરતી , અન્નકુટ દર્શન સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં જયારે સવારથીજ મંદિરમાં દાદા ના દર્શન કરવાં લોકો ઉમટી પડયા હતા અને મંદિર સંકુલ માં ભકતો ની લાંબી લાંબી લાઈનો જોવાં મળી હતી તો હવન ના યજમાન પદે ડાં. મિતૃલ દિનેશભાઈ મિસ્ત્રીએ લાભ લીધો હતો શ્રી વિશ્વકર્મા જન્મ જયંતિ પર્વ નિમિત્તે કડિયા સુથાર સમાજ દ્વારા પણ પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે ધામધુમથી જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી તો સુથાર ,સથવારા ,કડીયા સમાજનાં ભાઈઓએ સહિત હાથ કલાકારી ગરી સાથે સંકળાયેલા ભાઈઓ એ પણ ધંધારોજગારો બંધ પાડયા હતાં જયારે મંદિર માં હવન ભજનકિતન કાર્યક્રમો પણ યોજાયા હતાં અને દાદા ના દર્શન કરી ને ભોજન સ્વરૂપે પ્રસાદ લઈને ભક્તોએ ધન્યતા અનુભવી હતી તો મંદિર ના વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ભવ્ય વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓલી પોપે ૧૨ રન નોંધાવ્યા હતા. ચાર બેટ્સમેન ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. અશ્વિને ૧૫ ઓવરમાં ૪૮ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે અક્ષર પટેલે ૧૫ ઓવરમાં ૩૨ રન આપીને પાંચ વિકેટ પોતાના નામે કરી હતી. આ સાથે જ તેણે આ ટેસ્ટમાં કુલ ૧૧ વિકેટ પોતાના નામે કરી છે.

અગાઉ કેપ્ટન જો રૂટ અને જેક લીચ સામે બેટ્સમેનો નિષ્ફળ રહેતા ભારતીય ટીમનો પ્રથમ દાવ સસ્તામાં સમેટાઈ ગયો હતો. અમદાવાદમાં નવા બનેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી ડે-નાઈટ ટેસ્ટ ક્રિકેટ મેચના બીજા દિવસે પ્રથમ દાવમાં ભારતીય ટીમ ૧૫૦ રન પણ નોંધાવી શકી નથી. ઈંગ્લેન્ડની જેમ ભારતીય બેટ્સમેનો પણ સ્પિન બોલિંગ સામે રમવામાં નિષ્ફળ રહ્યા હતા અને ટીમ ૧૪૫ રનમાં આઉટ થઈ ગઈ હતી. જોકે, ભારતને ૩૩ રનની નજીવી સરસાઈ મળી હતી. ઓપનર રોહિત શર્માને બાદ કરતા કોઈ બેટ્સમેન ક્રિઝ પર ટકી શક્યો ન હતો. જો રૂટે તેની કારકિર્દીમાં પ્રથમ વખત પાંચ વિકેટ ઝડપી હતી. અગાઉ ઈંગ્લેન્ડનો પ્રથમ દાવ ૧૧૨ રનમાં સમેટાઈ ગયો હતો.

ત્રીજી ટેસ્ટના બીજા દિવસે ગુરૂવારે ભારતે ૩ વિકેટે ૯૯ રનના સ્કોરથી પોતાનો પ્રથમ દાવ આગળ ધપાવ્યો હતો. જોકે, પ્રથમ સેસનમાં જ ભારતનો ધબડકો થયો હતો. ભારતીય બેટ્સમેનો રૂટ અને જેક લીચની સ્પિન બોલિંગ સામે ટકી શક્યા ન હતા. દિવસની શરૂઆતમાં ભારતે અજિંક્ય રહાણેની વિકટે ગુમાવી દીધી હતી. ૧૧૪ રનના સ્કોર પર રહાણે આઉટ થયા બાદ ટીમના સ્કોરમાં એક રનનો ઉમેરો થયો હતો ત્યારે રોહિત શર્મા પણ આઉટ થઈ ગયો હતો. તેણે ટીમ માટે સૌથી વધુ ૬૬ રન નોંધાવ્યા હતા. તેણે પોતાની ૯૬ બોલની ઈનિંગ્સમાં ૧૧ ચોગ્ગા ફટકાર્યા હતા. રિશભ પંત ફક્ત એક રન નોંધાવીને પેવેલિયન ભેગો થયો હતો. જ્યારે વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલ ખાતુ ખોલાવી શક્યા ન હતા. અશ્વિને ૧૭ રન નોંધાવ્યા હતા. અગાઉ પ્રથમ દિવસે કેપ્ટન વિરાટ કોહલી ૨૭ રન નોંધાવીને આઉટ થયો હતો. જ્યારે ચેતેશ્વર પૂજારા એક પણ રન નોંધાવી શક્યો ન હતો અને ઓપનર શુભમન ગિલ ૧૧ રને આઉટ થયો હતો. ઈંગ્લેન્ડ માટે જો રૂટે પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે જેક લીચને ચાર સફળતા મળી હતી. એક વિકેટ જોફ્રા આર્ચરના નામે થઈ હતી.

### ગાળિયો કસાયો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અઠવાડિયે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ ઓટીટી પ્લેટફોર્મને રેગ્યુલેટ કરવાનો વિચાર કરી રહી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં સુપ્રીમ કોર્ટે વિવિધ ઓટીટી/સ્ટ્રીમિંગ અને ડિજિટલ પ્લેટફોર્મ પરના કન્ટેન્ટ પર નજર રાખવાની અને વ્યવસ્થા માટે એક યોગ્ય સંસ્થા સ્થાપવાની જાહેર હિતની અરજી પર કેંદ્ર પાસેથી જવાબ માગ્યો હતો. ભાજપના ઘણા સાંસદોએ ૧૨ ફેબ્રુઆરીએ લોકસભામાં વેબ સીરિઝને સેન્સરશીપની હદમાં લાવવાની માગ કરી હકી. ભાજપના સાસંદોનું કહેવું હતુ કે મોબાઈલ પર વેબ સીરીઝના માધ્યમથી હિંસા, ગાળાગાળી દર્શાવવામાં આવે છે. ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડાય છે માટે સેન્સરશીપની વ્યવસ્થા હોવી જોઈએ.

### રજા રહેશે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ તહેવારો પર દેશના કેટલાક રાજ્યોમાં બેક્રોમાં રજા રહેશે. ૧૧ માર્ચે મહાશિવરાત્રિ છે. આ દિવસે દેશના અનેક રાજ્યોની બેક્રોમાં કામકાજ બંધ રહેશે. ૧૩ માર્ચ મહિનાનો બીજો શનિવાર હોવાથી બેક્રોમાં રજા રહેશે. ૧૪ માચ રવિવાર હોવાના કારણે બેક્રોમાં કામકાજ બંધ રહેશે. ૧૫ માર્ચ સોમવારે કેટલાક બેક્ર યૂનિયનોએ હડતાળની ઘોષણા કરી છે. ૨૧ માર્ચ રવિવાર હોવાના કારણે બેક્રોમાં રજા રહેશે. ૨૨ માર્ચે બિહાર દિવસ છે. એવામાં બિહાર રાજ્યમાં સતત બે દિવસ સુધી બેક્રો બંધ રહેશે. ૨૭ માર્ચે ચોથો શનિવાર હોવાના કારણે દેશભરની બેક્રો બંધ રહેશે. ૨૮ માર્ચે રવિવાર હોવાના કારણે કેટલાક રાજ્યોમાં સતત ચાર દિવસ બેક્રો બંધ રહેશે. ૨૯ અને ૩૦ માર્ચે હોળી-ધૂળેટીનો તહેવાર હોવાના કારણે બેક્રોમાં રજા રહેશે.

### ખાણ ખનીજ વિભાગનો સપાટો

## દેધરોટામાંથી ખાણ-ખનીજ વિભાગે બિનઅધિકૃત રીતે રેતી વહન કરતા ચાર ટ્રેક્ટર ઝડપ્યા

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના સાબરમતી નદી પટ તથા અન્ય વિસ્તારોમાં ખનીજ ચોરીની વિવિધ પ્રકારના માધ્યમથી મળેલ ફરિયાદો અન્વયે ભૂસ્તરશાસ્ત્રી ની કચેરી



દ્વારા અવારનવાર તથા આકસ્મિક ચેકિંગની કામગીરી કરીને ખનીજચોરી કરતા ઈસમોને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી નિયમો અનુસાર દંડાત્મક રકમ વસૂલવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે

સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી કરતા ઈસમોને પકડીને બિનઅધિકૃત પ્રવૃત્તિને અટકાવી શકાય તે માટે આજરોજ તારીખ ૨૪-૦૨-૨૦૨૧ ના રોજ ડ્રોન કેમેરા નો ઉપયોગ દેધરોટા વિસ્તારમાં કરીને બિનઅધિકૃત રીતે ખનીજ લહન કરતા કુલ- ૦૪ ટ્રેક્ટરો મળી અંદાજે રૂપિયા ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે તેમજ ૧.૮૧ લાખની દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

ઉલ્લેખનીય છે કે ભૂસ્તરશાસ્ત્રી કચેરી ની ટીમ દ્વારા અસરકારક ચેકિંગની કામગીરીના પરિણામે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રોયલ્ટીની આવક પેટે રૂ. ૨૮૨૯.૭૮ લાખની વસુલાત કરવામાં આવી છે તેમજ માહે એપ્રિલ ૨૦૨૦ થી ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન બિનઅધિકૃત ખનીજ ખોદકામ વહન અને સંગ્રહના ૨૮૫ કેસો પકડી રૂ. ૩૪૭.૯૦ લાખની દંડનીય રકમ વસૂલવામાં આવી છે જેથી જિલ્લામાં ખનીજ ચોરી કરતા ઈસમોમાં ફફડાટ ઉભો થવા પામ્યો છે તેમજ આગામી સમયમાં પણ ખનીજ ચોરીની વધુ પ્રમાણમાં ફરિયાદો મળતી હોવાથી તેવા સાબરમતી નદી પટના વાઘપુર, સીતવાડા, સાપડ, સરોલી, દેરોલ, દેધરોટા વિગેરે વિસ્તારોમાં ડ્રોન કેમેરા નો ઉપયોગ કરી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા કાર્યવાહી કરવામાં આવશે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સમયમર્યાદામાં ખર્ચ રજૂ ન કરનાર ૨૭૧ ઉમેદવારોને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નોટીસ ઈશ્યુ કરાઈ

હિંમતનગર, તા.૨૫

આગામી રવિવારના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારી કરતા ઉમેદવાર દ્વારા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચ નિયત કરવામાં આવ્યા છે. પરંતુ સમય મર્યાદામાં ખર્ચ રજૂ ન કરનાર ઉમેદવારોને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નોટીસ ઈશ્યુ કરવામાં આવી છે. જેમાં જિલ્લા પંચાયત બેઠકના ૨૮, તાલુકા પંચાયત બેઠકના ૨૦૭ જયારે નગરપાલિકાના બેઠકના ૩૬ ઉમેદવારોને નોટીસ ઈશ્યૂ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકા પંચાયતના ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

### દુઃખદ અવસાન

સરડોઈના ભીખાભાઈ નાયકનાં ધર્મપત્નિ હંસાબેનનું તા. ૨૪ના રોજ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧ ના રોજ સોમવારે રાખેલ છે.

## કરનાળા સરપંચ ને ૫૭(૧)ની નોટીસ અપાતા ચકચાર

વડગામ,

વડગામ તાલુકાના કરનાળા ગ્રામપંચાયત ના સરપંચ નથુભાઈ ચૌધરીને ગૌચરમાં કરાયેલા બિન અધિકૃત દબાણ ના મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ૫૭(૧) ની નોટીસ અપાતા ચકચાર મચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરનાળા ગ્રામપંચાયત સરપંચ નથુભાઈ ચૌધરીને કારણ દર્શક નોટિસ ફટકારાઇ છે.જેમા જણાવાયુ છે.કે તમો કરનાળા પંચાયતના સરપંચ પદે હોદ્દો ધારણ કરો છો.સરપંચ પદ ના કાર્યકાળ દરમિયાન ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની જોગવાઈ અન્વયે મળેલ અધિકારોનો દુર ઉપયોગ કરી ને દબાણ મુદ્દે ગેરરીતિઓ આચરી હોવાનું માલુમ પડતાં ૫૭(૧) કાર્યવાહી કરવા નોટીસ અપાતા તાલુકા ભરના સરપંચોમા ખળભળાટ મચી ગયો છે.કરનાળા સરપંચ નથુભાઈ એચ ચૌધરીના વાલીવારસોએ સર્વેનં ૬૪૩ થી ૬૪૬ ના જમીન માલિકો દ્વારા સરપંચના પત્ની બે પુત્રો અને એક પુત્રી મળીને કરનાળા ગામે આવેલા સર્વે નંબર ૬૯૦ અને ૧૮૪ માં ૩.૮૬ એકરનુ અંબાજીત દબાણ કરેલું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા ચારે દબાણદાર સરપંચ ના સીધી લીટી ના વારસદારો બદબાણદારો ?છે.આથી સરપંચ તરીકે તમોએ બિન અધિકૃત દબાણો દુર કરવાની કામગીરી કાર્યવાહી નિર્ધારિત સમયમર્યોદામા નહીં કરવા બદલ હોદ્દો પરથી દુર કરવા ની કાર્યવાહી કરવા બદલ નોટીસ ફટકારીને કરનાળા સરપંચ પદેથી દુર કેમ ના કરવા ? તે અંગે લેખિત ખુલાસો કરવા જણાવતાં હડકંપ મચી ગયો છે.

### સેન્ટ્રલ વર્જને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ય ઉભા રસ્તાઓને અનુલક્ષી સેન્ટ્રલ વર્જને નિખારવા કોઈ આયોજન કરવામાં આવતુ થી જો કે વચાળે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓનુ અસ્તિત્વ છે ત્યારે પુરતી જગ્યા પણ નથી પરંતુ નાના રોપાઓ ઉછેરીને આ વિસ્તારની રોનક નિખારવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે. રોડ નં -૧ થી ૫ આસપાસ સ્થિત વોક વે ઉપર તુટી ગયેલા વૃક્ષોના થડીયા પણ હજુ યથાવત છે. જયારે આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર પણ કંગાળ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં સેકટરોના એપ્રોચને નવા રૂપરંગ આપવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સર્કલ ટુ સર્કલ જોડતા ઉભા માર્ગોને અનુલક્ષી સેન્ટ્રલ વર્જને નિખારવા માટે કોઈ સ્માર્ટ આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે.

### ૧૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં પંજાબ નેશનલ બેંકના કર્મયોગી ઉપરાંત સચિવાલયના એક સેક્શન અધિકારીનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે સે. ૩ માંથી ૪ કેસ ઉપરાંત સે. ૧૭ અને સે. ૭ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરનો રિકવરી રેટ ૯૮ ટકા નોંધાયો છે. શહેરમાં હાલ ૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલ જિલ્લામાં ૮૩ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જે એક પખવાડિયા પહેલાં ૬૦ થી નીચે ગયા હતા.




બામણા સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં એન.એસ.એસ અને સુરક્ષા સેતુ સોસાયટી સાબરકાંઠા જીલ્લા પોલીસ અંતર્ગત મહિલા સ્વરક્ષણ તાલીમ શિબિરનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો. જુજારસિંહ વાઘેલા (કન્વીનર,સાબરકાંઠા જીલ્લા મહિલા સ્વરક્ષણ તાલીમ),મુકેશભાઈ નિનામા (આઉટ પોસ્ટ,પુનાસણ) બામણા-પુનાષણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મંત્રી જગદીશભાઈ જોષી,પુર્વ પ્રમુખ ચીમનલાલ પંડ્યા,કોલેજના પ્રિન્સીપાલ ડો.કલ્પનાબેન પટેલ,હાઈસ્કુલના આચાર્ય જી.જી.પટેલ સહિત વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સર્વે મુખ્ય મહેમાનોએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીનીઓને દસ દિવસ ચાલનારા શિબિર માટે પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમનું સંચાલન સફળ રીતે ડો.ભીખાભાઈ પટેલે કર્યું હતું.આયોજન,આભાર વિધિ એન.એસ.એસ. પ્રો.ઓ. ડો.નિવૃત્તિ જોષીએ કર્યું હતું.